સુરત મહાનગરપાલિકાની તા.૯-૬-૭૬ ના રોજ મળેલી ખાસ સભામાં નીચેનો ઠરાવ પસાર થયો હતો :-

ooooo

સ્થાયી સમિતિ અને નગર નિયોજન અને શહેર સુધારણાની સંયુક્ત સમિતિ ઠરાવ નં.૫ તા.૨૮-૫-૭૬ થી કરેલ ભલામણ મુજબ, સુરત મહાનગરપાલિકાએ મુંબઈ નગર રચના અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૨૨ ની પેટા કલમ (૨) મુજબ, નગર રચના યોજના સુરત નં.૧૧ (અડાજણ) બનાવવાનો ઈરાદો નક્કી કરતા થી ના (સામાન્ય સભા) ઠરાવ નં.૫૩૦ ના રોજ ૧૪-૮-૭૪ મુજબ તા.૧૬-૮-૭૪ ની જાહેર ખબર સ્થાનિક પેપરોમાં છપાવી તથા ગુજરાત સરકારના તા.૩-૯-૭૪ ના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરાવી મજકુર યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો હતો.

ગુજરાત સરકારે તેમના પંચાયત અને આરોગ્ય ખાતાના જાહેરનામા નં.જીએચ/વી/૨૬૪ ઓફ ૭૫/ટીપીએસ/૪૨૭૫/૪૮૮૭/કય, તા.૯-૧૦-૭૫ થી સદરહુ યોજના બનાવવા તથા પ્રસિદ્ધ કરવાની મુદત વધુ ૭ માસ એટલે કે તા.૧૪-૮-૭૫ થી તા.૧૩-૨-૭૬ સુધીની વધારી આપેલ હતી.

નગર રચના યોજના સુરત નં.૧૧ (અડાજણ) ના મુસદ્દાની સૂચિત દરખાસ્તોની યોજના હિત ધરાવનારાઓને સમજુતી આપવા તેમજ તે અંગે સલાહ સૂચનો લેવા માટે તા.૨૧-૧૧-૭૫ ના રોજ મહાનગરપાલિકાના ગાંધી ખંડમાં જાહેર સભા બોલાવવામાં આવી હતી અને તે મીટીંગમાં અને તે પછી તુરતમાં આવેલા સૂચનો ઉપર વિચારણા કરી નગર રચના યોજના સુરત નં.૧૧ (અડાજણ) નો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો. તદઉપરાંત નગર રચના યોજના અધિનિયમ ૧૯૫૪ ની કલમ ૨૩ ની જોગવાઈ મુજબ કન્સલ્ટીંગ સર્વેયર ટુ ગવર્નમેન્ટ ઓફ ગુજરાતનો અભિપ્રાય તેમના પત્ર નં.ટીપીએસ/સુરત નં.૧૧/અડાજણ/૨૭૩ તા.૧૬-૧-૭૬ થી મેળવવામાં આવેલ છે. આ રીતે તૈયાર કરવામાં આવેલો મુસદ્દો મહાનગરપાલિકાના ખાસ સભાના ઠરાવ નં.૩૧ તા.૯-૨-૭૬ થી મંજુર કરવામાં આવ્યો હતો અને તે મુજબ જાહેરનામું સ્થાનિક પેપરોમાં તથા ગુજરાત રાજ્યના તા.૧૨-૨-૭૬ ના રાજ્યપત્રમાં છપાવી લેખિત વાંધાઓ મંગાવવામાં આવ્યા હતા.

ઉપર જણાવ્યા મુજબ આવેલા વાંધાઓ સ્થાયી સમિતિ અને નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિની સંયુક્ત સમિતિએ જગ્યાઓ જોઈ, તા.૨૧-૫-૭૬ ની સંયુક્ત સમિતિની સભામાં વિચારણામાં લેવામાં આવ્યા હતા, અને સમિતિએ તેના તા.૨૧-૫-૭૬ના ઠરાવ નં.૨ થી કેટલાક ફેરફારો કરવા સૂચનો કરેલા હતા.

સંયુક્ત સમિતિની સૂચના મુજબ, કરવામાં આવેલા ફેરફારો સહિતની નગર રચના યોજના સુરત નં.૧૧ (અડાજણ) અને તે ઉપર કમિશ્નરશ્રીની તા.૫-૬-૭૬ તથા તા.૨૫-૫-૭૬ ની નોંધો વિચારણામાં લઈ, નગર રચના યોજના સુરત નં.૧૧ (અડાજણ) મંજુર કરવા, અને મંજુર યોજના અંગે કાયદામાં જણાવેલ તમામ કાર્યવાહી કરવા અને તે યોજના સરકારશ્રીમાં મંજુરી માટે મોકલવા કમિશ્નરશ્રીને સત્તા આપવાનું મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નંબર ૩૭ --- સર્વાનુમતે મંજુર.